उद्योगशतक.

प्रथमनेत्र.

कर्त्ता

ભાળચંદ્ર રવિશંકર જોષી

સંસ્કૃત ટીચર-ગુજરાતી મરાઠી શાળા નવસારી.



અમદાવાદ,

માગાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિન્ટિંગ એન્ડ

જનરલ એજન્સી કંપની લિમિટેડના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૪૮. સને ૧૮૯૨.

કિંમત અઢી આના.

उद्योगशतक.

प्रथमनेत्र.

કર્ત્તા

ભાળચંદ્ર રવિશંકર જોષી

સંસ્કૃત ટીચર-ગુજરાતી મરાઠી શાળા નવસારી.



અમદાવાદ,

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિન્ટિંગ એન્ડ
જનરલ એજન્સી કંપની લિમિટેડના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૪૮. સને ૧૮૯૨.

કિંમત અઢી આના.

પ્રસ્તાવના.

જગતમાં કાર્ય છે ત્યાં કારણ છે. 'કારણ શિવાય કાર્ય નથી.' આ સૂત્રાનુસારે આ લઘુ પોથીનું ઉદ્ભવ નિમિત્ત હોવું જોઇએ. તે છે, અને તે આ સ્થળે કહેવું અવશ્ય છે.

નવસારી જ્ઞાનવર્ધક સભામાં ઉદ્યોગ વિશે નિબંધ આપવાની ઉર્મિ થઇ; તેથી આ શતકની સાઠમી કડીની નોટમાં દર્શાવેલી ઇંગ્લીશ કહેવતનો ગુજરાતીમાં અર્થ કહેવાની ફરજ પડી; અને તેથીજ તેના અર્થની બે લીટી–એજ કડીનું ઉત્તરાર્ધ, પ્રથમ બની, અને અંતે આ શતકના પ્રથમ નેત્રનું પદ પામી વટબીજમાંથી વટવૃક્ષ ઉત્પન્ન કરવાની શક્તિ ઈશ્વરની છે. આ શક્તિના પ્રભાવથી એકજ શ્લોકાર્ધ શતકના પ્રથમ નેત્રનું પદ પ્રાપ્ત કરવા શક્તિવાન થયો; અને અદ્યાપિ દ્વિતીય નેત્રનું કેમ ન કરી શકે? પછી તો—

बलीयसी केवलमीश्वरेच्छा.

કર્તા.

૫૦૯૮

उद्योगशतक.

શાર્દૂલવિક્રિડિત.

સાક્ષર મહાજનો,

કે' છે કોવિદને[1] કવિજન વળી આલોક[2] વિશે ઘણા,
બાગો બૃહત[3] બેશ છે નવનવા રાજે રળીઆમણા;
શોભે વૃક્ષતણાં ફુલો સુવરણાં સ્વાદેંદ્રિ સંતોષણાં,
પુષ્પો છે રમણાં વિવિધ વરણાં આમોદ[4] વિસ્તારણાં. ૧
પક્ષી ગાન કરે મધૂર સુસ્વરે, ડાળેથી ડાળે ફરે,
નેહે ચંચ ભરે ક્ષણે ફળ પરે, જોડે ક્ષણે [5]વિહરે;
વાયુ મંદ[6] વહે, પરિમલ[7] ગ્રહે, આનંદ આત્મા લહે,
પ્રાતે ચિત્ત ચહે, સદામતિ કહે, આવી સ્થળે આ રહે. ૨
આશા ઉર ધરી, વિશોધન[8] કરી, ખોળું સ્થળો નીસરી,
ભ્રમ્યો[9] સર્વ કરી, વિચાર લગરી શકિતતણો ના ધરી;
નાને શુન્ય[10] ખરી મતિ, નહિ ઠરી[11], પથ[12] ચુકયો પાધરી
થાકયો ઠામ ફરી ફરી, નહિ સરી તે આશ મારી જરી. ૩
જે કોવિદ કવિ ગયા વરણવી રમ્યા[13] વરેણ્યાટવી,[14],
તે માટે અટવી[15] સમસ્ત[16] પૃથવી, તોએ જડી ના ઠવી.[17]

---

૧ વિદ્વાન. ૨ જગત. ૩ મોટા. ૪ સુગંધ. ૫ ગમત કરે. ૬ ધીમેધીમે. ૭ સુવાસ. ૮ બારીક તપાસ. ૯ સંકલ્પ પ્રતિજ્ઞા. ૧૦ જડ. ૧૧ ઠરેલી. ૧૨ માર્ગ. ૧૩ સુન્દર. ૧૪ ખાસ જંગલ. ૧૫ ફરીવળ્યો. ૧૬ સઘળી. ૧૭ ઠાવી.

ચૂકયો હું કરવી, નહિ અનુભવી, જે શોધમે બાથવી,[1]
લજ્જાન્વિત[2]હવી[3], અશકય શકવી સ્થિતિ ખરી દાખવી.૪
તોએ જોગભર્યો[4] કર્યો કંઈ ખરો દેશાટને સંગ્રરો;
રાની પુષ્પતણો જથો મહીં ઘણો લીધો બની ગાભરો;
તેથી તે રૂપરંગ ગંધ વિહિનાં[5] જોતાં રહ્યાં ચોગણાં;
નિશ્ચે જોગ દિશે, ન પૂજન વિશે વિદ્યાવિશિષ્ટો[6] તણાં.૫
શ્રદ્ધા[7] દીલ મહીં અતીશય રહી, જેથી વિપત્તિ સહી,
મારો જાય વહી વૃથા શ્રમ નહિ, છે ઇચ્છ ચિત્તે રહી;
તો ગુંથી ગજરે, કરૂંજ[8] નજરો પ્રાથી શ્રી વિદ્યાધરો[9],
યાંચા[10] લક્ષ ધરો વિપંશ્ચિત[11] નરો, સ્વીકાર તેનો કરો. ૬

કર્ત્તા.

શાર્દૂલવિક્રિડિત.

પ્રારંભે પ્રભુના પવિત્ર પદને[12] પ્રાર્થું હું પ્રેમે પડી,
અંજાણ્યો ઉલટે[13] ભર્યોજ નિસર્યો, નાની લઈનાવડી;
છે આ દુસ્તર[14]વારરાશિ[15]અદકો, કાવ્યોક્તિ[16]સંક્ષોભિત[17],
આપો આ સમયે સહાય બુડતા ભગ્નાશ[18] દાસો[19] ચિત.

---

૧ હાથમાં લીધી. ૨ શરમભરેલી. ૩ થઈ. ૪ પ્રસંગાનુરૂપ. ૫ વગરનાં. ૬ વિદ્વાન, વિદ્યાસંપન્ન. ૭ ભક્તિ, ભાવ. ૮ ભેટકરૂં. ૯ વિદ્વાન. ૧૦ પ્રાર્થના માગણી. ૧૧ સાક્ષરપુરૂષો. ૧૨ ચરણને, પગને. ૧૩ હોંસથી ભરેલો. ૧૪ નહિ તરાય એવો. ૧૫ મહાસાગર ૧૬ પદબંધન. ૧૭ તોફાની. ૧૮ આશા છોડેલી એવો નિરાશ થએલો. ૧૯ દાસને યોગ્ય.

ઉપજાતી.

જુઓ તમો વિશ્વ બંધુ નિહાળી,
જ્યારે સ્રજ્યું[1] ત્યારથી આજ[2] માંડી;
રહી સદા ઇશ્વરના હુકુમે,
વિના ચુકે કાર્ય મહીંજ ઘૂમે. ૧
ગ્રહો થયા ત્યારથી લોક વિશે,
ફર્યા કરંતા હરનિશ દિશે;
થોભ્યા નથી આળસથી ક્ષણેક,
ગતિતણા નિયમમાં દરેક. ૨
આ સાગરે છે બહુ ઘૂઘવાટો,
ક્ષણે,ક્ષણે ખૂબ ધસેજ લાટો;[3]
મર્યાદ છોડે ન પ્રમાદથી[4] તે
રહે ન બેશી રય[5] કો નિમિત્તે. ૩
[6]સમીર આ સર્વ જગે ફરીને,
[7]મલીનતા લે સઘળી હરીને;
લાવી પ્રસારે બહુ પુષ્પમાંથી,
[8]પરાગ [9]સામેદ [10]ઉદારતાથી. ૪
[11]ચૈતન્યના [12]ચેતનને નિભાવે,
પેશે શરીરે ફરી બ્હાર આવે;

---

૧ બનાવ્યું. ૨ આજ સુધી. ૩ મોજા. ૪ બેદરકારીથી. ૫ પાણીનો પ્રવાહ, ઓઘ. ૬ વાયુ; પવન. ૭ બદબો. ૮ ફુલની રજ. (Pollens) ૯ સુગંધીદાર. ૧૦ બોહોળે હાથે. ૧૧ જીવવાળાં; પ્રાણી. ૧૨ પ્રાણ.

ખાલી સ્થળે જો ક્ષણમાત્રમાં તે,
બેઠો તહીં જો જઈ તે નિરાંતે. ૫

હવા તજે જો સ્થળ કોઈ [1]ત્રાસી,
સજીવની થાય [2]તદા દશા શી;
ચૈતન્ય સર્વે [3]જડતાજ પામે,
વાયુ કદા જો [4]આળશી [5]વિરામે. ૬

[6]નભે જુઓ ત્યાં રવિ જે ઉગેલો,
દીઠો તમે શું કદિ તે ઊંઘેલો ?
કરી હતી વાર કદા પ્રભાતે ?
ત્રાસી કરીશું કદિ અસ્ત થાતે ? ૭

[7]વિધુ નહિ જો નિત એક વેળે,
ઊગે, તથાપિ નિયમિત મેળે;
રહે નકો આળસમાં દહાડો,
નભે ઉભેલો [8]સમયે નિહાળો. ૮

ઋતુ કરે રાજ હળી મળીને,
આવે જગે જાય [9]ક્રમે કરીને;
સ્વભાવ કે [10]શાસનમાં [11]વિરોધી,
લડી ચુકી વેળ જગે ન નોંધી. ૯

---

૧ કંટાળીને. ૨ ત્યારે. ૩ નિર્જીવપણું. ૪ આળસ કરીને ૫ અટકે; બંધ પડે. ૬ આકાશે. ૭ ચંદ્ર. ૮ વખતસર. ૯ નિયમ પ્રમાણે. ૧૦ સોંપેલાં કામમાં. ૧૧ જુદી; ભિન્ન.

સૃષ્ટિ વિશે જે કૃતિઓ કરેલી,
અનેક ઈશે રચના ધરેલી;
[1]અધ્યક્ષ નિમ્યા [2]પ્રતિકાર્ય વિશે,
[3]પ્રસક્ત [4]વ્યાપાર સદાય દિશે. ૧૦
કરે નહિ ઢીલ જરા ચુકીને,
[5]નિયોગ, સુસ્તી ન ધરે મુકીને;
ઈશે નિમેલાં જગકાર્યમાંનું,
થયા કરે જે સમયે થવાનું. ૧૧
ઉદ્યોગથી આ જગયંત્ર ચાલે,
મનુષ્ય સામાન્યપણે નિહાળે;
છતે નિહાળે બહુ વેળ ગાળે,
આળસ્યમાં આયુષને [6]પ્રજાળે. ૧૨
ઉદ્યોગ માટે દિન ઈશ કીધો,
આરામ લેવા પણ કાળ દીધો;
નિશા કરી જે બહુ શાંતિવાળી,
હેતુ હરિનો તહીં જો નિહાળી. ૧૩
ઈચ્છા પ્રભુની નથી કાંઈ એવી,
[7]વિશ્રાન્તિ કોએ નહિ લેશ લેવી;
લેવી પરંતુ નહિ તે અતીશે,
થતો નથી લાભ વિશેષ ત્રિશે. ૧૪

---

૧ પ્રમુખ; મુખ્ય. ૨ દરેક. ૩ મંડી રહેલા. ૪ ઉદ્યોગ. પ્રસક્ત વ્યાપાર=ઉદ્યોગમાં મંડી રહેલા. ૫ સોપેલું કામ. ૬ બાળી નાંખે. ૭ આરામ.

ઉદ્યોગ જોના કરશો લગારે,
આરામમાં છે હકના તમારે;
દશે ઘડેલી [1]ઘટના જગેજો,
આડી ધરેછે ઊંઘ ઉદ્યમીતો. ૧૫
ભૂમી [2]તલેકે [3]કટપેં પડેલો,
ઊંઘે અતીશે પણ જો [4]શ્રમેલો;
મારે પછાડા પણ સુંબિછાને,
નિરૂદ્યમી રાજતણે [5]નિધાને. ૧૬
આવે નહિ ઊંઘ વિનાશ્રમથી,
આવે કદીતો, નહિ તે સુખેથી;
કુનેહ એ ઉદ્યમની ઉઘાડી,
આળસ્યની હાણ અપાર ભાળી. ૧૭
વળી તમે જો મન એમ ધારો,
શક્તિ ખુએ ઉદ્યમથી બિચારો;
એ વાત કોઈ જન ના [6]પ્રમાણે,
ઉદ્યોગ અંગે બળ ખૂબ આણે. ૧૮
મજૂર જુઓ ઉદ્યમ કરંતો,
[7]પલંગ તોડું સઘળા શ્રીમંતો;

---

૧ બંધારણ. ૨ સપાટી ઉપર. ૩ સાદડી ઉપર. ૪ થાકેલો. ૫ મંદીરે; મહેલમાં. ૬ પ્રમાણ તરીકે માને; ખરી ગણે. ૭ આખો દિવસ. પલંગ તોડ્યા કરનારા એટલે સુઇ રહેનારા.

શરીર કોનું બળથી ભરેલું?
ઉદ્યોગમાં જોર હશે ઠરેલું. ૧૯
કે'તો નથી ના અદકા શ્રમેથી,
કાયા નથી સુખ જરાય લેતી;
સીમે રહી ઉદ્યમ જો કરોતો,
આરોગ્યતા અંગ વિશે ધરોતો. ૨૦
કાટે ચડેલી [1]ક્ષય ધાતુ પામે,
નકાટ જાય્યે વપરાશ સામે;
શરીરનો વાપર ઉદ્યમે છે,
આળસ્ય અંગે ક્ષય કાટ દે છે. [2] ૨૧
આયુષ્ય સીમા સમયે કરેલી,
માપી ક્ષણો આયુષમાં ભરેલી;
એવી ક્ષણો આળસમાં વહે જો,
[3]સ્વઘાતનો દોષ શિરે લહેતે. ૨૨
આયુષ્યની જે [4]બરતી ઘડેલી,
[5]વેળારૂપી મીણની છે કરેલી;
જગે થયો જ્યારથી જન્મ ભાઈ,
તારા વિશે તે બળતી કરાઈ. ૨૩
[6]જ્યોતિ જવાદે નહિતે નકામી,
જ્યોતે રહ્યો જીવન તું જ પામી;

---

૧ નાશ. ૨ The used key is always bright. ૩ આત્મઘાત; આત્મહત્યા. ૪ બત્તિ. ૫ વખત. ૬ પ્રકાશ.

એ જ્યોત તે જીવન જાણુ તારૂં,
બત્તી ખપેથી ઝડપી જનારૂં. ૨૪
જે કાળછે જન્મ વિષે તમારો,
તેમાં તમો ઉદ્યમમાં ગુજારો;
એવો રહે ફારક કેટલો તે!
તપાસતાં જાણ થશોજ પોતે. ૨૫
[1]સરાસરી આયુષની તમે જે,[2]
ધારો મને માનવની ગમે તે;
આરામ માંહી તૃતીયાંશ જાએ,
આયુષ્યમાંથી ઈશ યોજનાએ.[3] ૨૬
વૃદ્ધાપકાળે વયબાળ વિષે,
આયુષ્યમાંતી તૃતીયાંશ ખીસે;
સંસારના લાભ અલાભ લીધે,
અપાર [4]આલ્હાદસુ શોક કીધે. ૨૭

---

૧ અડસટ્ટો. ૨ ભર્તૃહરી મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું ધારી પોતાના વૈરાગ શતકમાં લખેછે કેઃ—

आयुर्वर्षशतंनृणांपरिमितंरात्रौतदर्धंगतम्
तस्यार्धस्यपरस्यचार्धमपरंबालत्ववृद्धत्वयोः ।।
शेषंव्याधिवियोगदुःखसहितंसेवादिभिर्नीयते
जीवेवारितरंगचंचलतरेसौख्यंकुतःप्राणिनाम् ।।

૩ ગોઠવણ, વ્યવસ્થા. ૪ આનંદ, મઝા.

શરીરના પોષણ પાલનાર્થે,
પુત્રો [1]દુહિતા [2]રમણીની સાથે;
વેળા તણું માપ નકો નિહાળે,
ચતુર્થ [3]અંશે સહુ કોઈ ગાળે. ૨૮
તૃત્યાંશ તૃત્યાંશ [4]ચતુર્થ માંડી,
[5]એરીજ તેની કદિ જો કહાડી;
કરી કદા મૂળથી બાદબાકી,
બારાંશ આયુષ્ય રહેલ બાકી.* ૨૯
તે જો તમે ઉદ્યમમાં ગુજારો,
[6]વૃથા જશે જન્મ નહિ તમારો;
તોએ ન જોતે [7]ઉપયોગિતામાં,
ગુમાવશો કાળ [8]નિરીહતામાં. ૩૦
છોડે નહિ ઈશ જવાબ માંગી,
સંતાપ ત્યારે કરશો અભાગી;
[9]મિથ્યા જશે આ [10]ભવ ભાઈ તારો,
તેના ઘરે શું કંઈ તું વિચારો. ૩૧

---

૧ પુત્રી. ૨ સ્ત્રી. ૩ ભાગે. ૪ ચતુર્થાંશ. ૫ સર્વાળો.

* $\frac{1}{3}+\frac{1}{3}+\frac{1}{4}=\frac{11}{12}$ જે સર્વાળો આવ્યો તે મૂળમાંથી એ-ટલે આ સ્થળે એકજ ધારી તેમાંથી બાદ કરતાં એક બારાંશ રહેછે. એજ પ્રમાણે સાઠ વર્ષ વધારશો તો પાંચ બાકી રહેછે તે પણ સાઠનો $\frac{1}{12}$ થાયછે.

૬ ફોકટ. ૭ ઉપયોગીપણામા. ૮ બેપરવાઈ; બેદરકારી. ૯ નકામો; વ્યર્થ, ૧૦ જન્મ; સંસાર.

આપ્યો તને [1]માનવ જન્મ આ જે,
ઈશે શું તે [2]ભોગવિલાસ કાજે ?
લેશે હિસાબે પળને તપાસી,
તોટો ઠર્યાથી કરશે દશા શી ? ૩૨
આ દેહ તારો નહિ તેહ તારો,
માલીક એનોજ બનાવનારો;
તેથી રહ્યા એ પર માલકીના,
તારા હકોના, પણ છે હકીના. ૩૩
આપે તને જો ઘર કોઈ ભાડે,
સાંખી રહેશું કદિ તું બિગાડે ?
રે'વા ન દેતેજ તને બહાલી,
કહે સવેળા કરવાજ ખાલી. ૩૪
આત્મા વિચારો પણ તે પ્રકારે,
ભાડે રહેલો તનમાં તમારે;
માલીકની તે મરજી પ્રમાણે,
આ દેહમાં સુખ વિલાસ માણે. ૩૫
[3]ઉદ્દેશ છે ઈશ્વરનો જગે આ,
આપ્યો તને માનવ જન્મ તેમાં;
કે તું રહી ઉદ્યમમાં હમેશે,
લા'વો જગે જન્મ તણોજ લેશે. ૩૬

---

૧ મનુષ્ય યોનીમાં જન્મ. ૨ રમતગમતને માટે; વિષય સુખને સારૂં. ૩ આશય; હેતું.

જાણો તમો જે જડશે કદી ના,
ખોયા ક્ષણો જે ભવમાં ઉછીનાં;
આવે નહિ તે [1]મથતાં ફરીને,
ગઈ પળો જે ગઈ નિસરીને. ૩૭

ગણે નહિ કિંમત તું પળોની,
કે જીવ શું ફોકટ જાય છોની;
ધારે મને શું પણ એમ ઘેલું,
આયુષ્ય તારૂં પળમાં ટકેલું. ૩૮

પળે પળે થાય ઘડીજ જાણો,
ઘડીઘડીથી [2]પ્રહરો પ્રમાણો;
પોહોરથી દિવસ જાય જોતાં,
દિને દિને માસ ભરાય મોટા. ૩૯

માસે થતાં વર્ષ તમે નિહાળો,
વર્ષે રહેલી વય આપ ભાળો;
ઘડી પહોરે દિન વર્ષ માસે,
પળો રહેલી તમને જણાશે. ૪૦

તેની નહિ કિંમત તું લહીને,
ગુમાવશે આળસમાં રહીને;
આયુષ્યમાંથી પળના વિનાશે,
એકંદરે વર્ષ જતાં ગણાશે. ૪૧

---

૧ ગમે તેટલા પ્રયત્ન કરતાં. ૨ પોહોર; સાડાસાત ઘડીનો અથવા ત્રણ કલાકનો એક પોહોર.

પેલે દિને જન્મ થયો તમારો,
ફેવી [1]ત્વરે વર્ષ ગયાં વિચારો;
જોતાં જુઓ આ પળ એક ચાલી,
બીજી શકે આ પણ કોણ ઝાલી. ૪૨
ઘડી પછી પ્હોર મળી દહાડો,
વર્ષો ગયાં એમ તમો નિહાળો;
નથી જણાતાં જલદી જતાં એ,
ગયા પછી તો અતિ શોક થાયે. ૪૩
ગયો થયો જે નહિ કાળ તારો,
ભવિષ્યને કેમ કહીશ મારો;
સગો નથી કાળ લગાર કોનો,
ધરો ભરૂસો બહુ ત્યાર શેનો. ૪૪
ગયા [2]સમાનો કરવો બળાપો,
ચાલુ સમાએ નહિ લક્ષ આપો;
લાગે તમોને નહિ એ વિચિત્ર,[3]
છે આળસુનું પણ એ ચરિત્ર. ૪૫
માટે કરી લે કરવું હશે જે,
રાખે ભરૂશે કદિ ના થશે તે;
કે'વાય વેળા તુજ ના હવેની,
[4]વૃથા ધરેશું [5]તત્ર આશ તેની. ૪૬

---

૧ જલદીથી. ૨ સમયનો, વખતનો; ૩ અજાએબ જેવું.
૪ ફોકટ. ૫ ત્યારે.

જો કાળ પેલો મજબૂત ઘોડે,*
સ્વારી કરંતો [1]ચહુપાસ દોડે;
શું દાઢ ક્રોધે કકડાવતો તે,
[2]ફાળો ભરે નેત્ર [3]વિકાસતો તે. ૪૭
[4]કરે ધરેલું બહુ ધાર વાળું,
[5]વિકરાળ જો [6]ઘાતક [7]શસ્ત્ર કાળું;
રાખ્યું [8]ઉગામી કર [9]લુપ્ત મ્યાને,
લાગે નહિં વાર જ મારવાને. ૪૮
હોળી તહીંશું [10]પ્રકટી રહેલી,
જો કાળ મુખે [11]પુરજોસ પેલી;
[12]દારૂણ [13]દાવાનળ હોય જાગ્યો,
શું કાળને મુખ નિવાસ[14] માગ્યો. ૪૯
[15]વન્હિ ઝરે મુખ [16]વિકાસવેથી,
ઢગે પડે શું [17]શકટી [18]તવેથી;
બળી થતાં [19]ભસ્મ જુઓ અભાગી,

---

* આ સ્થળે કાળ એટલે વખત, તેને કાળ એટલે યમનો દૂત ધારીને તેના સ્વરૂપનું વર્ણન કરેલું છે. ૧ ચારેતરફ. ૨ દોટ. ૩ ડોળા કહાડતો. ૪ હાથમાં. ૫ બયંકર. ૬ પ્રાણ લેનારૂં. ૭ હથીઆર. ૮ ઊંચકી. ૯ ખુલ્લાં મ્યાને, ઉઘાડું. ૧૦ સળગી રહેલી. ૧૧ જોસભેર. ૧૨ ભયાનક. ૧૩ વનનો આગ્ની. ૧૪ રહેઠાણ. ૧૫ અગ્નિ. ૧૬ ઉઘાડવાથી. ૧૭ સગડીના. ૧૮ તવા ઉપરથી. ૧૯ રાખ.

[1]અંગારકે [2]જવાળની આંચ લાગી. ૫૦

[3]ઘૃતાહુતી [4]કુંડ વિશે મજેથી,
જ્વાળા ચડે જેમ ઊંચે તજેથી;
શું જ્વાળ ત્યાં તેમ મુખે વસીને,
ઉભી થવા જોર કરે ધસીને. ૫૧

મુખે રહ્યો શબ્દજ ખાઉં ખાઉં,
જોતાં કહુ ભક્ષણ આણી આઊં;
ભરે છલંગો કરી મારમાર,
રોરા ધર્યો જો કરવા [5]વિદ્દાર. ૫૨

ચિત્તે ધરે એકજ [6]ઘાતનેમ,
દોડ્યા કરે ક્રોધથી આમ તેમ;
આવે અભાગી [7]પથમાં સપાટે,
જોતાં ખરે [8]ખપ્પરને ઝપાટે. ૫૩

[9]અણી ચુકયો જો બચશે કદાપિ,
[10]વિષાળ શ્વાસે તડૂડે તથાપિ;
ખાલી ગયો હાથ ન કાળ કેરો,
ધારી કરેલો [11]જીવપેં [12]નમેરો. ૫૪

---

૧ દેવતા. ૨ ઝાળ. ૩ ઘીનીઆહુતી. ૪ યજ્ઞનો કુંડ. ૫ ચીરી નાંખવાને. ૬ વધ કે હિંસન કરવાનો ઈરાદો. ૭ રસ્તામાં, માર્ગમાં. ૮ એક પ્રકારનું હથીઆર. ૯ સહજ ચુકવાથી. ૧૦ ઝેરી. ૧૧ પ્રાણી ઉપર. ૧૨ નિર્દય; ઘાતકી.

દયા કરી શું કદિ કાળ ક્યાંએ ?
ગયો હશે જો ધરી [1]દાઢ જ્યાંએ;
સારૂં નઠારૂં નહિ એ વિચારે,
[2]દૃષ્ટે પડેલું [3]પલકે [4]વિદારે. ૫૫
બેસે નહી એ ઘડીને વિસામે,
થાકી [5]ઠરે અશ્વ ન કોઈ ઠામે;
નીચા [6]પ્રદેશે જળ જાય રેલો,
જોસે વહે તેમજ અશ્વ પેલો. ૫૬
દૂરે ગયોછે મન એમ માની,
શાંતિ ધરોછો અમથીજ શાની ?
[7]પિશાચના [8]વેગવડે વહેછે,
ક્ષણે અહીં તેમ તહીં રહેછે. ૫૭
છે કાળ આઘો [9]તનથી હજુ તો,
એવો કરે શું મન તર્ક જૂઠો ?
બાલાપણે એ બહુને ધરેછે,
[10]કિશોરને એ [11]કવલે ગરેછે. ૫૮
[12]સ્થવીરને એ [13]કળથી ડરાવે,

---

૧ ક્રોધ કરી. ૨ નજરે. ૩ ક્ષણમાં. ૪ ચીરી નાંખે; ફના કરી નાંખે. ૫ અટકે, થોભે. ૬ નીચી ભૂમિમાં, અન્વય નીચા પ્રદેશે જળ રેલો જાય. ૭ ભૂતનાં લોકવાયકા છે કે ભૂત પવનની ઝડપથી જાયછે. ૮ ઝડપથી. ૯ તારાથી. ૧૦ તરૂણને. ૧૧ કોળીઆમાં. ૧૨ ઘરડાને. ૧૩ યુક્તિથી.

તૃષ્ણા તથા રોગ ધરી સતાવે;
જોદ્ધો ડરી બાળ બને [1]અતેરૂં,
છે [2]કારમું દર્શન કાળ કેરૂં. ૫૯
[3]જીવિત [4]નિશ્ચે નહિ આમ જ્યારે,
નિશ્ચે રહે શું તવ આશમાં રે;
જો થાય આજે ધરવું ન [5]વા'ણે,[6]
વા'ણે થશે શું નહિ કોઈ જાણે. ૬૦
કીડી જુઓ ઉદ્યમને ચ્હેછે,
દીઠો પડ્યો જે કણ તે વહેછે;
તેમાં નહિ જો નિજ શક્તિ ચાલી,
જાશે દરે ના કદિ આમ ઠાલી; ૬૧
[7]સાથી જઈ મારગમાંય શોધે,
[8]હેતુ કહીને [9]તતકાળ [10]રોધે:*

---

૧ આધાર વગરનું. ૨ ભયંકર. ૩ હયાતી; જીંદગી. ૪ નક્કી; ચોકસ. ૫ સવારે. ૬ What you can do to-day, leave not till tomorrow. For you know not how much you may be hindered tomorrow. આ ઉત્તરાર્ધ આખા શતકનો પાયોછે. (જુઓ પ્રસ્તાવના) ૭ સોબતી. ૮ પોતાની મતલબ કે અમુક જગ્યાએ મારાથી ન ઉંચકાય એવું ભક્ષણછે તો તેમાં મને સહાય કર. ૯ તત્કાળ, તરત. ૧૦ અટકાવે. *પ્રાચીનકાળથી આપણા લોકો તો માનતા આવેલાજ છે અને કેટલાક પ્રખ્યાત

ખરે દિસે એ બળથી [૧]બથીને,
લાવે દરે ભક્ષણને [૨]મથીને. ૬૨
ત્રાસે નહિ તાપ થકી કદા તે,
શીળે બપોરે ફરશે સદા તે;
દાડી જરાએ નહિ તાઢ વાઈ,
બેઠી દિઠીના [૩]કુલકે ભરાઈ. ૬૩
બન્ની જુઓ તે સબળે ફરીને,
લાવી [૪]પિંડો કાદવનો ધરીને;
મુકી તહીં જો ગઈ [૫]અન્ય લેવા,
જુઓ કરેછે ઘર નિજ રે'વા. ૬૪
ઉદ્યોગ [૬]ધોરી કરતા ન છૂપો,
[૭]ઉપાસકો ઉદ્યમના [૮]મધૂપો;
ખરે બપોરે [૯]કુસુમે [૧૦]ઘુસીને,

ઇંગ્રેજ વિદ્વાન—બેન જામીન ફ્રાંકલીન, કરબીઅને સ્પેન્સ જેવા શોધકો હાલ પણ જણાવેછે કે કીડી મંકોડી અને મધમાખીઓ પોતાના મનોભાવ પોતાના સોબતીને પોતાની મુછોના ચલનવલનથી કે તેવીજ કોઈ બીજી રીતે સમજાવી શકેછે.

૧ બાથ મારીને. ૨ મહેનત કરીને; ગમે તે પ્રકારે. ૩ (કીડીના) દરમાં; In the ant-hill. ૪ લોંદો,લુઓ. ૫ બીજો. ૬ મોટા, અતિશય. ૭ ભક્ત, આરાધક. ૮ મધમાખો. ૯ ફુલમાં. ૧૦ ભરાઇને.

૧કોપે ભરેછે ૨મધુને ચુસીને. ૬૫
માળા કરે ૩ઝાડસુ ૪પાંખરૂં એ,
ખોદી રહે કોતરમાં વરૂ એ;
રે'વા ઘરો ૫માનવીઓ બનાવે,
ઉદ્યોગની સાખ સત્ય પુરાવે. ૬૬
ઈશે કર્યા ઉત્પન બે પ્રકારે,
પદારથો જે જગ સર્વ ધારે;
તેમાં ઘણાક ૬જડછે કરેલા,
બીજા દિશે ૭ચૈતનથી ભરેલા. ૬૭
ચૈતન્યના ૮કેવળ ૯સાર માટે,
કીધા દિસેછે જડ ૧૦સર્વ વાતે;
આપી નથી ૧૧હાજત એ વિચારે,
અવશ્ય છે ઉદ્યમ ના લગારે. ૬૮
આપી દિસે ચૈતનને અતીશે,
૧૨વિશ્વંભરે હાજત ૧૩વિશ્વ વિશે;
જણાય જોતાં જગમાંય પૂરી,
૧૪પદેપદે ઉદ્યમની જરૂરી. ૬૯

---

૧ મધપુડામાં. ૨ મધને. ૩ ઝાડ ઉપર. ૪ પક્ષી. ૫ માણસો. ૬ નિર્જીવ. ૭ જીવંતપણાથી. ૮ સત; સમગ્ર. ૯ લાભ માટે. ૧૦ બધી રીતે. ૧૧ ગરજ; અપેક્ષા; જરૂરીઆત ચીજો. ૧૨ ઈશ્વરે. ૧૩ દુનિઆમાં; જગતમાં. ૧૪ ડગલે ડગલે.

[૧]અસિદ્ધ રૂપે [૨]ઈહલોક વિશે,
ઉપયોગિતાની બહુ ચીજ દિશે;
[૩]સે'જે જણાશે ઈશનું [૪]રહસ્ય,
ઉદ્યોગ, કે, છે જનને અવશ્ય. ૭૦
[૫]નિવેશ [૬]નાથે બહુએ કર્યાછે,
[૭]અનેક [૮]આસ્વાદ જગે ધર્યાછે;
રાખ્યા છુપા જે ન જણાય જેથી,
જગે જડે શું વિણ ઉદ્યમેથી ? ૭૧
ધાતુ ધરીછે [૯]ધરણી વિષે જે,
તૈયાર શું [૧૦]ભૂષણ [૧૧]પાત્રમાં તે ?
કીધાં નથી કાંઈ કપડાં કપાસે,
આપ્યું નથી ઈશ અનાજ [૧૨]રાશે. ૭૨
[૧૩]વૃક્ષો વનેછે, નથી [૧૪]કાષ્ટ કેરાં,
તૈયાર [૧૫]રાચો જડતાં [૧૬]સવેળાં;
રેતી રહીછે [૧૭]મૃત કાચ માટે,
નહિ [૧૮]મહીમાં કહિ પાત્ર [૧૯]ખાટે. ૭૩

---

૧ કાચાં રૂપમાં, અપૂર્ણ હાલતમાં. ૨ આ જગતમાં. ૩ જરામાં; તરત. ૪ ભેદ; મર્મ; ગુપ્ત હેતુ. ૫ ઉપભોગની વસ્તુઓ. ૬ ઈશ્વરે. ૭ ઘણા. ૮ લહેજત; સ્વાદિષ્ટવસ્તુઓ. ૯ પૃથ્વી. ૧૦ અલંકાર; ઘરેણાં. ૧૧ વાસણ. ૧૨ ઢગલાબંધ; થોકબંધ. ૧૩ ઝાડ. ૧૪ લાકડાંના. ૧૫ રાચરચિલાં. ૧૬ તરત; એકદમ. ૧૭ માટી. ૧૮ પૃથ્વીમાં. ૧૯ મળી આવે.

જે [1]ધાય [2]વેગે [3]મૃગ [4]શિઘ્રચારી,
ઝાલી શકે ના [5]સુલભે [6]પ્રહારી;
[7]તુન્દી વિશે તે [8]જુગતે [9]ધુસાડી,
[10]કસ્તુરિકા જે અતિ વાસવાળી. ૭૪
[12]માણિક્ય માટે [11]નગ આથડે છે,
[13]શુક્તિજ, [14]સેવે [15]નિધિને, જડેછે;
દાટયું દિશે જે જળ છે જમીને,
જડે [16]યદિ [17]કૂપ [18]ખણે નમીને. ૭૫
[19]હિરણ્ય હિરા [20]ખનિમાં છુપાવી,
વૃક્ષો [21]સુવાસી [22]નગપેં ઉગાવી;
[23]ઈલાકટીથી [24]શિરસુ ઘુમાવે,
મનુષ્યને ઈશ [25]નિમિત્ત આવે. ૭૬
ઉદ્યોગ માટે જગમાંય જ્યાં ત્યાં,
ઈશે સુગંધી રસદ્રવ્ય [26]સાંત્યાં;

---

૧ દોડે. ૨ ઝડપથી. ૩ હરણ. ૪ ઉતાવળથી દોડનારાં. (Swift-footed.) ૫ સેહેલથી. ૬ મારી. ૭ નાભિ, દુંટી. ૮ યુક્તથી; કળાથી. ૯ છુપાવી; સંતાડી. ૧૦ કસ્તુરી. ૧૧ માણેક, એ પર્વતમાં થાયછે. જે ઉપરથી **शैलेशैलेन माणिक्यम्मौक्तिकंनगजेगजे**. ૧૨ પર્વત. ૧૩ મોતી. ૧૪ સેવન કરવાથી. ૧૫ સમુદ્રને. ૧૬ જો. ૧૭ કુવો. ૧૮ ખોદે. ૧૯ સોનું. ૨૦ ખાણમાં. ૨૧ સુગંધીદાર. ૨૨ પર્વત ઉપર. ૨૩ પૃથ્વીની કેડથી=પૃથ્વીના મધ્ય ભાગથી. ૨૪ મસ્તક સુધી. ૨૫ બહાને. ૨૬ સંતાડ્યાં, છુપાવ્યાં.

દેખાયના આળસને કદા તે,
જોતાં જડે ઉધમને સદા તે. ૭૭
લાગે નહિ ઉધમને લગારે,
જે [1]ઉષ્ણતા [2]ગ્રીષ્મ તણીજ ભારે;
તેવીજ લાગે [3]શિત ના શિઆળે,
લાગે ન [4]એલી [5]પરજન્ય કાળે. ૭૮
ખેડુ જુઓ ખેતરમાં રહીને,
ખરે બપોરે તડકો સહીને;
વેઠે સદા શીત [6]તુષાર કાળે,
રાતે રહે ખેતરમાંજ માળે. ૭૯
[7]વૃષ્ટી તણી જો [8]પરવા ન રાખી,
અનાજ મૂકી શિર, [9]બેલ હાંકી;
ભીના દિલે ધાગરીને દબાવે,
જુઓ તહીં તે ધુજતોજ આવે. ૮૦
સૂતાર લૂહાર [10]સલાટ સોની,
કુંભાર ગોલા કડીઆ [11]સરાણી;
[12]ચૂનાળ કંસાર પિંજાર ઘાંચી,
ધંધા વિષે રોજ રહેલ શોભી. ૮૧

---

૧ ગરમી. ૨ ઉનાળાની. ૩ ઠંડી. ૪ વરસાદની ઝડી. ૫ ચોમાસામાં. ૬ શિઆળામાં ૭ વરસાદ. ૮ દરકાર. ૯ બળદ. ૧૦ પથ્થર ઘડનાર. ૧૧ સરાણીઆ. ૧૨ ચુનો પકવનાર.

ગણે નહિ તાપજ વૃષ્ટિ ઠંડી,
ઉદ્યોગ ધારે [1]અહર્નિશ મંડી;
અંગે જુઓ ઉદ્યમના પ્રતાપે,
આરોગ્યના જોર અધિક વ્યાપે. ૮૨
[2]લાલી જુઓ ઉદ્યમની રહેલી,
એ લોકના મુખ ઉપેર પેલી;
શક્તિ દિશે હાથ વિશે વસેલી,
ઉદ્યોગની લાગવડે ઠસેલી. ૮૩
પગો જુઓ સ્તંભ[3] સમાન પેલા,
જમીનપેં શું જબરા ઉભેલા;
ઉદ્યોગના પોષણથી [4]નચેલા;
છે માંસ લોચા તહીં જો [5]લચેલા. ૮૪
બજુ [6]ભુજ જાંગ [7]નળા તજેના,
દેખાય જે તે તમને [8]કળેના.
લોચા તણો અર્થ તમે ધરોકાં,
ઉદ્યોગ એતો કરતોજ ડોકાં.* ૮૫

---

૧ દહાડો રાત. ૨ તનદુરસ્તીનો રતાશ. ૩ થાંભલા સરખા. ૪ જબરા થયલા. ૫ ઉપસીને બહાર નીકળી આવેલા. ૬ હાથ. ૭ પગના નળા પાછળના. ૮ અર્થ સુઝે નહિ.
* મેહેન્તુ માણુસના હાથ પગ વિગેરે અવયવના માંસના લોચા ઉપસી આવેલા હોયછે તેનો અર્થ તમે ગમે તે ધરો પણ હું તો એમ સંમજુંછું કે તેતે અવયવ દ્વારા ઉદ્યોગ તે મનુષ્યના શરીર માંથી ડોકીઆ કર્યા કરેછે.

કુયોગીના અંગ વિશે વશીને,
એ ઠામ ઠામે નિકળે ધશીને;
[1]દેદાર એ આળસુનો જુઓછે,
લોચા નહિ ઉદ્યમ ભાઈ એ છે. ૮૬
[2]હૃદે જુઓ જો કદિ હાથ મૂકી,
લેતે વિસામો નહિ [3]સે'જ ચૂકી;
હરો ફરો કે કદિ ઊંઘ લેજો,
રમો ભમો કે કરશોજ મોજો. ૮૭
તોએ હમેશાં દિનરાત ઘૂમે,
ઈશે કરેલા રહેછે હુકૂમે;
ચિત્તે ધરે [4]ધીરથી આળસુના,
ઈશે ધરેલો [5]વર દાખલો આ. ૮૮
હાથે નથી જો પળ એક જ્યારે,
ગુમાવવાનો હક શું તમારે ?
આયુષ્ય દોરી તુટતાં ઘણાકે,
[6]ઘસ્યા હતા હાથ [7]આલસ્યવાંકે. ૮૯
પેલી જુઓ [8]મોજુદ સ્કાટ રાણી,
જાણી જગે વેળતણી [9]ઉડાણી;

---

૧ નબળું શરીર; હાડપીંજર. ૨ હૃદય ઉપર. ૩ જરા. ૪ ધીરજથી, બારીક નજરથી. ૫ ઉત્તમ; શ્રેષ્ઠ. ૬ પશ્ચાતાપ કર્યો હતો. ૭ આળસના વાંકથી, ૮ પ્રસિદ્ધ, પ્રખ્યાત. ૯ ઉડાઉ.

સંગીત નાટયે [1]જલસે તમાસે,
[2]તારૂણ્ય ગાળ્યું ગમતે [3]વિલાસે. ૮૦
[4]કાયાદિપે [5]જીવિતતેલ ખુટયું,
જાણ્યું હવે બાયગ મુજ ફૂટયું;
ગયો નહિ શોક દિલે સમાયો,
માંગ્યો રડી સર્વ તણો [6]સહાયો. ૮૧
જોઈ દુરેથી જમના દૂતોને,
તેઓ [7]સુખડ્ગી નિજ [8]રક્ષકોને;
ઓ વીર આવો નિજ શસ્ત્ર લાવો,
મને ખરા આ ભયથી બચાવો. ૮૨

સેનાતણો સાથ રહેલ સાથે,
જ્યારે હતું ના ભય મુજ માથે;
[9]ખડું થયું આ ભય આવી પેલું,
જોણ કરો શું લુણ જે લીધેલું? ૮૩

ઓ [10]આવડાઓ સરદાર મારા,
સગા સંબંધી બહુ મિત્ર પ્યારા;
[11]ખુશામતીઓ ફરતા [12]સમીપે,

૧ જલસામાં. ૨ જુવાની. ૩ વિષય સુખમાં. ૪ કાયારૂપી દિવામાં. ૫ જીવનરૂપી તેલ. ૬ આશ્રય, મદદ. ૭ સારાં હથીઆરવાળા. ૮ Body-guards. ૯ આવી ઉભું રહ્યું. ૧૦ આટલા બધા. ૧૧ ખુશામતીઆઓ. ૧૨ પાસે, સાથે.

જોઉ કરો શું જીવની [1]અણીપેં. ૯૪
[2]આપું અતીશે [3]જર જોઇએ તો,
આયુષ્ય વૃદ્ધિ મુજકો કરે તો;
આવેળછે હિંમત [4]શૌર્ય જોવા,
[5]દારિદ્રની છે તક આજ ખોવા. ૯૫
છે આ ખજાંનો [6]અણુંકાળ માટે,
આ રાજ મારૂં [7]ભયમોક્ષ [8]સાટે;
[9]સાફલ્ય તો આ [10]ભવનું કરી લો,
જે જોઇએ તે [11]રૂચતું ધરી લો. ૯૬

---

૧ એનની વખતે, સંકટ સમયે. ૨ એવું કહેવાયલુંછે કે સ્કોટલાંડની એક રાણીએ પોતાના આયુષ્યનો સઘળો વખત મોજમઝામાં અને ભોગવિલાસમાં કહાડી નાંખ્યો હતો. પરંતુ અંતકાળે પોતાનો વખત નિરર્થક ગાળવા માટે તેને બહુ લાગી આવ્યું અને મોટેથી પોકાર કરીને બોલવા લાગી કે "Millions of pounds and an inch of time". એક તસુ વખતને માટે લાખો રૂપીઆ અર્થાત્ મારા આયુષ્યમાં જો કોઈ જરા વધારો કરી આપે તો તેને હું લાખો રૂપીઆં આપું; પણ અફસોસ કોઈ તેમ કરી શકયું નહિ. ૩ પૈસા, દ્રવ્ય. ૪ શુરાતન. ૫ દળદળ, ગરીબી. ૬ જરા વખતને માટે. ૭ મરણના ભયથી મોકળા કરવું તે. ૮ બદલે. ૯ સાર્થક, સફળતા. ૧૦ આ જન્મનું. ૧૧ મન ગમતું.

[1]આક્રન્દ કીધાં બહુ એજ રીતે,
પીડા શક્યો શું જનકો હરી તે?
[2]તાકાદ કોની હમણા બચાવા?
આવેલ જાતે જહિં કાળ ખાવા. ૯૭
જવા થયો [3]આયુષ દીપ [4]ઘેરે,
[5]સામર્થ્ય કોનું ક્ષણ કે ઉમેરે,
શક્તિ નથી એ પ્રભુએ દીધેલી,
[6]અદ્યાપિ હાથે નિજ છે ધરેલી. ૯૮
શોધ્યો પીડાનો અકળાઈ [7]એલી,
જાણે છને રોઇ [8]કૃતાન્તઘેલી;
રડેથી શું કારજ એમ [9]સાર્યું?
પ્રારંભથીના [10]ઇતિનું વિચાર્યું. ૯૯
માટે કરી લો ઉપયોગ સારો,
જે કાળ છે આ [11]ભવમાં તમારો;
ગુમાવશો [12]નાહક કાળ કોઈ,
[13]પ્રાણાન્ત રે'શો પણ એમ રોઈ. ૧૦૦

પ્રથમ નેત્ર સમાપ્ત.

---

૧ વિલાપ, રૂદન. ૨ ગજુ, મગદુર. ૩ આયુષ્યરૂપીદીવો. ૪ દીવો ઘેર જવા થયો એટલે ઓલવાઈ જવા આવ્યો. ૫ શક્તિ. ૬ હજુ પણ. ૭ મદદનિશ. ૮ યમદર્શનથી ઘેલી બનેલી. ૯ સાધ્યું. ૧૦ અંતનું, પરિણામનું. ૧૧ જન્મમાં, જીંદગીમાં. ૧૨ વગર હકે, નકામો. ૧૩ અંતકાળે, મરણ સમયે.

નિચે ટીપમાં દર્શાવેલા જે સદ્‌ગૃહસ્થોએ ઉદાર દીલથી રૂપીઆ, અરધાની કે તેથી વધારે રકમની પ્રતો ખરીદીને આ નાનકડાં પુસ્તકને ઉત્તેજન આપ્યું છે તેમનો હું આ સ્થળે ઉપકાર માનુંછે.

એક બે પ્રત ખરીદનારને વિનંતિ કરૂંછું કે તેમનો હું આભારીછું ખરો પણ પૂરે સંકલ્પ પ્રમાણે હું તેમને ઝાહેરમાં મુકી શક્તો નથી.

ભાં. ર. જોષી.

પ્રત.	નામ.	ઠેકાણું.
૫૦	શેઠ સાહેબ રૂસ્તમજી જમાસજી ગારડા	નવસારી.
૫૦	શેઠ સાહેબ નસરવાનજી સોરાબજી શેઠના	કરાંચી.
૧૮	શેઠ સાહેબ પુરશોત્તમદાસ જમનાદાસ	મુંબઈ
૯	રા. સા. ભગવંતરાવ દાજી	નવસારી.
૯	રા. રા. રૂદરજી મોહોનભાઈ વકીલ	નવસારી.
૯	શે. સા. સોરાબશાહ બરજોરજી ગારડા	નવસારી.
૯	રા. રા. રામરાવમાર્ટણ્ય બાંભુરકર	નવસારી.
૯	શેઠ સાહેબ ઠાકરશી નારણજી	મુંબઈ.
૯	શે. સા. હીરજીભાઈ દિનશાજી એંજીનીઆર	નવસારી.
	રા. રા. નરભેરામ મણિશંકર	નવસારી.
	શે. સા. ખરસેદજી બમનજી ફ્રામરોજ	નવસારી.
૯	રા. રા. ખંડેરાવ માધવરાવ	ગણદેવી.
૯	રા. રા. છબીલદાસ પ્રાણજીવદાસ મોદી	સુરત.

૯	રા. રા. બાપુભાઈ લાલભાઈ	કાલીઆવાડી.
૯	રા. રા. લક્ષ્મીરામ ઘેલાભાઈ	નવસારી.
૯	રા. રા. મંછારામ આદિતરામ	પલસાણા.
૯	રા. રા. જદુરામ વિશ્વનાથ	નવસારી.
૯	રા. રા. પુરૂષોત્તમદાસ મોરારદાસ	નવસારી.
૯	રા. રા. કૃષ્ણરાવ સખારામ	નવસારી.
૯	રા. રા. બાળકૃષ્ણ ઘેલાભાઈ	નવસારી.
૯	રા. રા. ત્ર્યંબકરામ દુર્લભરામ	નવસારી.
૯	રા. રા. ખંડેરાવ દોલતરામ	પલસાણા.
૯	રા. રા. લાલદાસ નગીનદાસ	નવસારી.
૯	રા. રા. ભીમજી વિઠોજી	નવસારી.
૪	શે. સા. નવરોજજી ફ્રરામજી તંબોલી	નવસારી.
૪	રા. રા. ગુલાબભાઈ વસનજી વકીલ	નવસારી.
૪	રા. રા. લાલદાસ માણેકલાલ	મુંબઈ.
૪	રા. રા. હરકીસદાસ લાલદાસ	મુંબઈ.
૪	રા. રા. ખંડેરાવ ભીમરાવ	નવસારી.
૪	રા. રા. મનુભાઈ માણેકલાલ	નવસારી.
૪	રા. રા. ઉત્તમરામ ફકીરભાઈ	નવસારી.
૪	રા. રા. ભાસ્કરરાવ રમાકાન્ત.	નવસારી.
૪	રા. રા. ઘેલાભાઈ પુરૂષોત્તમ	નવસારી.